# <u>યશોવિજયજીકૃત સમુદ્ર-વહાણ સંવાદ</u>

**પ્રો. રમણ સોની**

➢ **પૂર્વભૂમિકાઃ**

જે પ્રાચીન મધ્યકાલીન સાહિત્ય છે, એ પ્રાચીન મધ્યકાલીન સાહિત્યની પરંપરા ઘણી સમૃદ્ધ છે. એના પરિચયમાં જે ન હોય અથવા તો તેના ઓછા પરિચયમાં જે હોય એને હસ્તપ્રતોની જે દુનિયા છે, એ જોવાની જીજ્ઞાશા પણ થતી નથી. અર્વાચીન સમય એવો છે કે જેને કારણે પ્રાચીન સમયની સાથે આપણે બહુ સંકળાયેલા ન હોઈએ અને એને કારણે અમુક પ્રકારના અભિગ્રહો બંધાઈ જતા હોય છે. આખું મધ્યકાલીન સાહિત્ય તે જૈન હોય કે જૈનેતર, એના સંપ્રદાયમાં, એનો જે ધાર્મિક બોધ છે એની અંદર સંકળાયેલું પડેલું છે, એટલે કે સાંકડું છે. પણ આપણે જો રસપૂર્વક એની અંદર ઉતારીએ તો ખ્યાલ આવે કે એ સમૃદ્ધિમાં કેટલો આનંદ મળી શકે એમ છે. આપણી આખી પ્રાચીન પરંપરા છે એ પ્રાચીન પરંપરા માત્ર ધર્મબોધ કે સંપ્રદાય વર્ણન નહીં પણ કવિતાની પરંપરાને પણ લઈને આવે છે. જો કવિતા પરંપરા ન હોત તો, તો ધર્મ કે સંપ્રદાય બોધ તો હોત જ, પણ ભક્તોમાં અને કવિઓમાં એક પાયાનો ભેદ છે તે, આપણે પહેલા જોવો જોઈએ. એ પાયાનો ભેદ આપણે ન જોઈએ તો ભક્તો, સાધુઓ અને સાધુકવિ, ભક્તકવિ. ભક્ત અને સાધુઓ કેવળ એના વિશેષણો છે, ફક્ત કવિ આપણને શું આપી શકે? કવિતા આપણને શું કામ આનંદ આપી શકે છે? એ આપણે જોવાનું છે.

બીજી મહત્વની વાત એ છે કે, મધ્યકાળની આખી પરંપરા એ જૈન પરંપરા હોય કે જૈનેતર પરંપરા એમાં જે કવિઓ છે, એ કવિઓ ઘણા વિદ્વવાન કવિઓ છે. તેઓ માત્ર અંદરના ઉમળકાથી કે માત્ર અંદરના ભક્તિભાવથી આ કવિતા લખતાં નથી; એ ભક્તિભાવની પાછળ, સંપ્રદાયની પાછળ એક મોટી પરંપરા પડેલી છે, એ પરંપરા વિદ્યાની પરંપરા છે. એટલે નરસિંહ મહેતા જેવા હોય, જે સંત જેવા લાગતા હોય પણ એમની પાછળ ઘણી બધી વિદ્વતા છે. "વેદ તો એમ વધે, શ્રુતિ-સ્મૃતિ શ્રુતિ-સ્મૃતિ શાખ દે, કનકકુંડળ વિશે ભેદ ન હોય….

એ અમસ્તું નથી કહેતા એનો અભ્યાસ તેમણે કર્યો છે. નરસિંહની કવિતામાં એક પ્રકારની પ્રાચીન પરંપરા, કાવ્ય પરંપરા એમણે આત્મસાત કરી છે એટલે કે વિદ્યા પ્રાપ્ત કરી છે. તેની ઝાંખી જોવા મળે છે. આખી આ જે જૈન પરંપરા, જૈનસાહિત્ય પરંપરા, કવિ પરંપરા છે, એની થોડી આગવી

વિશેષતાઓ છે, જે બીજી પરંપરાઓમાં જોવા મળતી નથી, જૈન પરંપરામાં જ જોવા મળે છે, એવી વિશિષ્ટતાઓ જોઈએ. તેથી આપણે યશોવિજયજીને અને તેની કૃતિઓને નિકટતાથી માણી શકીએ.

## ➢ <u>જૈન સાહિત્યની વિશેષતાઓ</u>:

- સૌથી પહેલી જે જૈન સાધુ કવિઓની ખાસિયત છે, તે બહુ વ્યાપક પ્રકારની વિદ્યાસાધના છે. એટલે ધર્મતપ અને વિદ્યાતપ એ જૈન સાધુઓ માટે બે જુદી વસ્તુઓ છે જ નહીં. વિદ્યા અનેક રસ્તે, અનેક પ્રકારની વિદ્યા પ્રાપ્ત કરવી એવી જિજ્ઞાસા સાધુ પરંપરા સાથે મૂળથી જ સંકળાયેલી છે. તેઓએ અનેક શાસ્ત્રો, કેટકેટલા શાસ્ત્રનો અભ્યાસ કરેલો છે. તેમાં સૌથી મોટું નામ, વિદ્યાપુરુષ તરીકેનું સૌથી મોટું નામ તો હેમચંદ્રાચાર્યજીનું છે. હેમચંદ્રાચાર્યજીએ આપણા માટે અનેક ભાષાઓની પરંપરાના રસ્તા વ્યાકરણની કેડી દ્વારા ખોલ્યા છે. એની જે કેડી છે, તે વ્યાકરણની છે. વ્યાકરણની કેડીએ ચાલતા ચાલતા હેમચંદ્રાચાર્ય એક કવિ છે. પણ એક વ્યાકરણશાસ્ત્રી તરીકે તેઓ વ્યાકરણના રસ્તાઓને દ્રષ્ટાંત સાથે લઈ જાય છે, એને કારણે તે વખતની આખી પરંપરાનો, ભાષા પરંપરામાં આપણને ખ્યાલ આવે છે. તો અનેક ભાષાઓથી દ્રષ્ટિનો વિકાસ થાય છે. પોતાના સમયની એક એક ઘડીનો જૈન સાધુ કવિઓએ ઉપયોગ કર્યો છે એક બહુ મોટી વાત છે.
- બીજી વિશેષતા છે, જેના પર સૌથી વધુ ભાર મૂકવો જરૂરી છે. તે છે કે, જૈન સાહિત્યમાં અનેક જૈન સાધુ કવિઓએ પોતાનાં સંપ્રદાયના અનેક સ્તવનો લખ્યા હોય અનેક વિશીઓ, ચોવિશીઓ લખી હોય અનેક તીર્થંકરો અને ગુરુમહારાજના ચરિત્રો લખ્યાં હોય, મહિમાગાન લખ્યા હોય, પ્રબંધો લખ્યા હોય પરંતુ એની સમાંતરે આપણી જે મોટી કથાકાવ્ય પરંપરા હતી એ કથાકાવ્ય પરંપરાને પણ તેમણે આત્મસાત કરી છે. અને તે આત્મસાત કરતી વખતે તેઓએ જે આ રામાયણ અને મહાભારતની પરંપરા છે તે પરંપરાને એમણે જૈન પરંપરામાં કેવી રીતે વાળી છે, એ સૌથી મહત્વનું છે. દા.ત., નળકથા જોઈએ તો, નળ દમયંતીની જે કથા છે એના પર કેટલીક કૃતિઓ લખાઈ છે. આ કૃતિઓ જૈન તેમજ જૈનેતર કૃતિઓ પણ છે. જૈન કવિઓએ તે કથાને ખૂબ જ સરસ રીતે જૈન પરંપરામાં વાળી છે, જેમ કે નળદવદંતી રાસ. બીજું ઉદાહરણ જોઈએ તો, સમયસુંદરજીની જે સીતારામ ચોપાઈ. તો સીતા અને રામની આ કથાને સમયસુંદરજી જૈન પરંપરામાં વાળે છે, દીક્ષાની ઘણી વાત એમાં જોવા મળે છે. અને એને કારણે પાત્રોના

જે ચિત્રાંકન બદલાય છે, એને કારણે કવિની જે દ્રષ્ટી છે, કલ્પના શક્તિ છે, કથા આયોજન કેવી રીતે કર્યું છે, એ જોવા મળે છે. વાલ્મિકી રામાયણની કથા અને સમયસુંદરની જે કથા છે, એ બન્નેને સાથે રાખીને જોઈએ તો કેટલીક સમાનતાઓ અને કેટલી ભિન્નતાઓ જોવા મળે છે. અને એમાં ધર્મ કે સંપ્રદાયના, પરંપરાના લક્ષણો કેવી રીતે ગુંથાય છે એ અદ્ભુત છે.

- એક બીજા કવિ છે, કુશળલાભ. તો આ કુશળલાભ જૈન ધર્મ પરંપરાઓમાં કંઈક જુદા પડતા કવિ છે, કારણ કે એમણે જે કૃતિઓ લખી છે, એ કૃતિઓ લોકપરંપરાની અત્યંત શૃંગારિક કથાઓ છે. માધવાનંદ અને કામતેજના એ બંને વચ્ચેનો જે અતિ શૃંગારિક પ્રેમ છે, એમાં તેમને એક બાજુ આવી પ્રેમકથા આલેખવાની છે, અને બીજી બાજુ જૈન ધર્મપરંપરાની જે મર્યાદાઓ છે, તેની સાથે પણ આ કથાને ઢાળવાની છે. એનું એક દ્રષ્ટાંત જોઈએ તો તેની કથાનો નાયક છે, અને નાયિકા છે, નાયક ઘણા વર્ષો પછી ઘરે આવે છે, નાયિકાને મળે છે એના માટે સાચા મોતી લાવ્યો છે અને આ સાચા મોતી નાયિકાની હથેળીમાં મુકે છે. પહેલા નાયિકા હથેળીમાં એ મોતીની સામે થોડીકવાર તાકી રહે છે, અને પછી જરા રિસાઈને ફેકી દે છે. તો નાયક પૂછે છે કે કેમ આવું કર્યું? તો તેનો ખૂબ જ સરસ જવાબ આપે છે, કામકંદલાની હથેળીમાં નાયકે મોતી મૂક્યા એને તેની હથેળી એટલી બધી રાતી હતી, કે એ લલાશના પ્રતિબિંબથી પેલા સફેદ મોતી લાલ થઈ ગયા અને એની આંખમાં જે કાજળ હતું એનું પ્રતિબિંબ એમાં એટલે એ મોતીનો રંગ થોડો કાળો થઈ ગયો એટલે નાયકાને લાગ્યું કે નાયક મોતી નહિ પણ ચણોઠી લાવ્યો છે, એટલે ચણોઠી સમજીને ફેકી દીધા. આવી રીતે ધર્મ પરંપરાને સાથે કવિ કલ્પનાને જોડી દીધી છે. જેટલા ફેરફાર કરવામાં આવે એટલી કવિ કલ્પના સબળ હોવી જોઈએ.
- જૈન પરંપરાની ત્રીજી ખાસિયત છે, કે જૈન કવિઓએ હંમેશા જે લોકપ્રચલિત પરંપરા છે, લયની, દેશીઓની, ઢાળની, રાગની, છંદની એ સાંપ્રત પરંપરાને આત્મસાત કરી છે એનું કારણ એ હતું કે એ જે સાંપ્રત લોકપ્રિય પરંપરા હતી એ લોકપ્રિય પરંપરાને આત્મસાત કરે તો એની કવિતા વધારે વધારે જૈન ભક્તો, જૈન શ્રોતાઓ સુધી પહોંચાડી શકે. એટલે સૌથી વધારે જો કોઈએ આ લોકપ્રિય પરંપરાનો ઉપયોગ કર્યો હોય તો આ જૈન કવિઓએ કર્યો છે. ગઝલ પણ વખતે લોકપ્રિય હતી તેથી જૈન કવિતામાં 'બેપુર કી ગઝલ' એવી કૃતિ પણ જોવા મળશે. બીજું કે જે લોકગીતો હતા, એ લોકગીતોને તો જૈન કવિઓએ

અપરંપાર રીતે પોતાના રાગ, ઢાળ, છંદમાં આલેખ્યા છે. **"ઇડર આંબા-આંબલી"** નામનો એક બહુ જાણીતો રાગ ઢાળ છે. આ ઢાળ મોટાભાગના જૈન કવિઓએ વાપર્યો છે.

- ચોથી જે ખાસિયત છે રસ. તેઓએ કાવ્યમાં રસનો ઉપયોગ છે. જૈન સાહિત્યની લગભગ દરેક કૃતિ આપણને શાંતરસ તરફ લઈ જાય છે. આમ તો શાંતરસને વધારાનો રસ ગણવામાં આવે છે. પણ જૈન પરંપરામાં શાંતરસ તરફની પૂર્ણાહુતિ હોય છે. પણ એ શાંત રસની પૂર્વે વીરરસ, શ્રૃંગાર રસ, વગેરે રસ લેવામાં આવે છે. શ્રૃંગાર રસ તો આવે જ કારણ કે અહીં નાયક નાયિકાની વાત આવે છે. આપણે ત્યાં હાસ્યરસની જે કૃતિઓ છે. એ હાસ્યરસની કૃતિઓ જૈનસાહિત્યમાં ઘણી જોવા મળે છે. આમ હાસ્યરસની હળવી કવિતાઓ પણ લખાઈ છે. એવી હળવી કવિતા **"સમુદ્રવહાણ સંવાદ"** છે. તો આજે ચતુર્વેદ પરંપરા છે, આ ચતુર્વેદ વિશેષતાઓથી જૈન સાહિત્યની પોતાની આગવી પ્રતિભા છે.

## ➢ <u>યશોવિજયજી:</u>

યશોવિજયજી ૧૭મી સદીના એક બહુ મોટા સર્જક છે, એટલા મોટા સર્જક છે કે એમની જે બહુશ્રુતત્તા છે, એ બહુશ્રુતતાએ બીજા હેમચંદ્રાચાર્ય બન્યા છે. એટલે કદાચ હેમચંદ્ર પછી જૈન પરંપરામાં કોઈ સૌથી વધારે વિદ્વાન સાધુ કવિ હોય તો એ સાધુ કવિ યશોવિજયજી છે. અને ૧૭મી સદી તે મધ્યકાળનો સુવર્ણકાળ છે. અખો એ સમયના છે, પ્રેમાનંદ એ સમયમાં છે, યશોવિજયજી એ સમયમાં છે, સમયસુંદરની પાછળની કૃતિઓ પણ ૧૭મી સદીના આરંભે છે. પણ યશોવિજયજી ૧૭મી સદીની મધ્યમાં ઊભા છે. દીક્ષા લીધી એ પછી પોતાની મેધાનો ઉપયોગ કરીને અષ્ટાવધાનનો પ્રયોગ કર્યો. અષ્ટાવધાન એટલે ૮ વસ્તુ ઉપર એક સાથે ધ્યાન કેન્દ્રિત કરવું. તે અષ્ટાવધાનનો પ્રયોગ કર્યો. પછી યશોવિજયજી કાશી ગયા. કાશી તો વિદ્યાનગરી છે. ત્યાં એમણે ન્યાય, મીમાંસા, સાંખ્ય, તર્કવિદ્યા એ બધાનો અભ્યાસ કર્યો. અને ન્યાય વિશારદની મોટી પદવી એમને મળી, એમાં જૈન વિદ્વાનો અને જૈનેતર વિદ્વાનો પણ હતા.

યશોવિજયજી એવા સાધુ હતા છે જૈનોમાં તો આદરપાત્ર હતા જ પણ જૈનેતર ધર્મમાં પણ આદરપાત્ર હતા. હેમચંદ્રાચાર્યની જેમ યશોવિજયજીએ પણ સંસ્કૃત,પ્રાકૃત, હિન્દી, પાલી, રાજસ્થાની, ગુજરાતી આ બધી ભાષામાં સર્જન કર્યું છે. સંસ્કૃત પ્રાકૃતમાં જ એમની પાસેથી ૭ જેટલા ગ્રંથો મળે છે. દીર્ઘ સ્તવનો, ટૂંકા સ્તવનો, ચોવીશીઓ ઘણી આપી છે. એમની ઉત્તમ કૃતિ છે **"જંબૂસ્વામી રાસ"** છે. અહીંયા આપણે તેમની અત્યંત વિલક્ષણ કૃતિ અથવા તો જૈન સાહિત્યની વિલક્ષણ કૃતિ છે એમાંની

એક "**સમુદ્રવહાણ સંવાદ**" અથવા "**સમુદ્રવહાણ વિવાદ રાસ**" જોશું. આ સમુદ્ર અને વહાણના વિવાદનો રાસ છે, કાવ્ય છે. અહીં બે કલ્પિત પાત્રો પર સજીવારોપણ કરીને એટલે એને મનુષ્યરૂપે બતાવીને એમના વચ્ચે સંવાદ રચ્યો છે. તો આ સમુદ્ર વહાણ સંવાદ એ બહુ જ વિલક્ષણ અને વિશિષ્ઠ રચના છે. એની પહેલી વિલક્ષણતા એ છે કે, જંબુસ્વામી રાસ જેવા કે સીતારામ ચોપાઇ જેવા મોટા રાસ છે, એની પાછળ તો પરંપરાની તૈયાર કથાઓ પડેલી છે. પરંતુ સમુદ્ર વહાણ સંવાદ જેવી રચનામાં તો તેમણે કલ્પનાનો જ વધારેમાં વધારે ઉપયોગ કર્યો છે. એટલે જેને કવિની મૌલિકતા કહેવાય, એ કવિની મૌલિકતાનો વધારેમાં વધારે વિનીયોગ આ કાવ્યમાં થયેલો છે.

આપણને સામાન્ય રીતે એવો ખ્યાલ છે કે આપણી જે ધાર્મિક પરંપરાઓ છે, મધ્યકાળની ધાર્મિક પરંપરા જે તેમાં મૂળ કથા, મૂળ સામગ્રીની પરંપરાને જ આત્મસાત કરી છે, અને તે સમયે એકને એક સામગ્રીમાં અનેક કાવ્યો લખાતા હતા. પરંતુ એમાં કવિ મૂળ સામગ્રીને, મૂળ પ્રસંગોને પોતાના આગવા દૃષ્ટિકોણથી જુએ છે, પોતાની ભાતમાં ઢાળે છે, અને અહિયાં તેઓની મૌલિકતા જોવા મળે છે. અને બીજું કે જેમ સામગ્રીની પરંપરા હતી એમ એ વખતે કવિતાની પરંપરા પણ હતી. રાગ-ઢાળો, દેશીઓ, છંદો લય, અલંકરણ એ બધાની જે ખાસિયતો છે, એ બધાની જે કવિ શક્તિઓ છે, એ કવિ શક્તિઓનો પ્રયોગ મધ્યકાળમાં થયો છે. એટલે જેટલો ફાળો સામગ્રીનો છે એટલો ફાળો કવિ પરંપરાનો પણ છે. હવે સમુદ્ર-વહાણ સંવાદ વિશે જોઈએ.

➢ **<u>સમુદ્ર-વહાણ સંવાદ</u> :**

સમુદ્ર-વહાણ સંવાદ, આ જે કાવ્ય છે, એમાં સમુદ્ર અને વહાણ વચ્ચે સંવાદ ચાલે છે. આમાં કવિ એ બે કામ કર્યા છે. પેલું કામ તો એનો પ્રારંભ, પ્રારંભમાં એ પોતાના કાવ્યનું પ્રયોજન બતાવે છે એ જોઈએ.

**"શ્રી નવ ખંડ અખંડ હુણ, નમી પાસ ભગવંત,**

**કરશું કૌતુક કારણે, વહાણ સમુદ્ર વૃતાંત"**

કૌતુક આ કારણે એટલે વિસ્મય બોધ માટે ફક્ત ધર્મ બોધ માટે નહિ પરંતુ વિસ્મય રસ પીરસવા માટે આ કાવ્ય પ્રયોજન થયું છે. એમાં બીજો દુહો છે,

**"એહમાં વહાણ સમુદ્રના, વાદ વચન વિસ્તાર"**

સમુદ્ર અને વહાણ વચ્ચેના જે વિવાદ છે, તેને વિસ્તારીને મૂકવામાં આવ્યા છે. પછી તે પોતાના શ્રોતાઓને ખાત્રી આપે છે કે,

**"સાંભળતા મન ઉલ્લાસ, જીમ વસંત સહકાર"**

જેમ વસંતઋતુમાં સહકાર એટલે કે આંબો આપણને આનંદ આપે છે, તેમ આ ધર્મલાભની કથામાં આ કથા તમને આનંદ આપશે.

હવે બીજું પ્રયોજન ઉપદેશનું આવે છે કે, આ સાંભળવાથી શ્રોતાઓને કયો ઉપદેશ મળશે.

**"મોટા નાના સાંભળો, મત કરો કોઈ ગુમાન"**

કોઈ માણસે અભિમાન ન કરવું, એ આ કાવ્યનો કેન્દ્રવર્તી વિચાર છે.

પછી કવિ એની સમજ આપે છે કે, વેપારીઓના એક સમુદાય છે, તેઓ વેપાર કરવા માટે દરિયાપાર જવા તૈયાર થયા છે, તેમના સગા સંબંધીઓને વિદાય આપવા આવે છે, અને તે વિદાય આપે છે, પછી વહાણ સમુદ્રમાં આગળ વધે છે. એ આ વેપારીઓનું સમુદ્ર ભ્રમણ અને પાછું પુનરાગમન એની છેલ્લી ઢાળો છે. આ **૧૭** ઢાળો અને **૨૮૬** પંક્તિનું કાવ્ય છે. એમાં પાછળની જે ઢાળો છે, એમાં પેલી ઢાળમાં વાત છે કે, વેપારીઓ કેવી રીતે વહાણમાં બેસીને દરિયો ખેડવા માટે તત્પર થયા અને પછી અઢળક સંપત્તિ કમાઈને પાછા કેવી રીતે આવ્યા અને પોતાના સ્વજનોનું સ્વાગત પામ્યા એ તેમણે છેલ્લી બેત્રણ ઢાળોમાં લખ્યું છે. આવી રીતે તેમણે ગોઠવણી કરી છે. આમ આ ગોઠવણીની વચ્ચે સમુદ્ર અને વહાણનો સંવાદ મુક્યો છે.

કથાનકમાં વહાણ આગળ જાય છે, અને જે ઘોષ થાય છે, એને કવિ પોતાની કલ્પનામાં સમુદ્રની ગર્જના કહે છે. અને ત્યાંથી સજીવરોપણ શરૂ થાય છે. ત્યાંથી સમુદ્ર એક વ્યક્તિ, એક પાત્ર તરીકે ઉભરી આવે છે. અને એ કહે છે કે, મારા જેવો તો કોઈ છે જ નહીં, એમ ગર્વ કરે છે અને પોતાના વિશે બહુ બોલબોલ કરે છે. પછી દરિયાની વચોવચ્ચ હોવા છતાં વહાણથી રહેવાતું નથી તેનું વર્ણન નીચે પ્રમાણે છે.

**"એ અસમંજસ દેખી, દ્રષ્ટી આંકળું રે એક વહાણ ના રહી શક્યું બોલ્યું તે"**

વહાણથી રહેવાયું નહીં, એ સ્પષ્ટવક્તા હતું અને સત્ય વક્તા હતો એટલે મધદરિયે પોતે આવ્યું હોવા છતાં પણ વહાણ પોતાના ભાવ પ્રગટ કરે છે કે,

**"દરિયા તમે છો ભરિયા, નવી તરિયા કુરે રે,**

**તમે કોઈથી ન ડરિયા, તરવરિયા ભલે રે"**

તમારામાં પાણી તો ઘણું છે, પણ તમારામાં તારવવાની શક્તિ નથી, અહીં તરિયા, દરિયા, ભરિયા, તરવરિયા એ શબ્દમાં ખાલી શબ્દની રમત નથી પરંતુ આ શબ્દને કવિ મોજાઓના લય સાથે ઢાળવાનું પ્રયોજન કરે છે.

યશોવિજયજી આપણા સાધુ કવિ છે, એ યશોવિજયજીની જે વિદ્વતા છે એમણે અનેક શાસ્ત્રોનો જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, એ જ્ઞાન માત્ર પંડિતાઈ વ્યક્ત કરવા માટે પ્રાપ્ત નથી કર્યું એ અમુક પ્રકારના લોક મનોરંજન માટે પણ કર્યું છે. સમુદ્ર વહાણ સંવાદ કાવ્ય એ અત્યંત જ્ઞાની કવિનું અત્યંત લોકપ્રિય લોકરજંક છે. અહીં કવિની ધર્મ ઉપદેશને કાવ્યમાં ગૂંથવાની જે ત્રેવડ છે, એનો દાખલો આપે છે. એ દરિયાને સંભાળે છે, કે બધા જ્યારે આપણા વખાણ કરતા હોય ત્યારે આપણે ઊંચું આકાશ સામે જોવાનું ન હોય,

**"જે નીજ ગુણ સ્તુતિ સાંભળી, શીર નીચું ધરે રે તસ ગુણ જાય ઉંચા"**

તમારી કોઈ પ્રશંસા કરતું હોય ત્યારે, જે નીચું માથું કરે એના ગુણ ઊંચા જાય છે, અને જે પોતાની પ્રશંસા પોતે જ કરે છે એ માણસ નીચે બેસી જાય છે.

અહીંયા આપણે આ કાવ્યમાં કવિની ચાતુર્ય બૌધિક શક્તિ અને શબ્દ શક્તિ જોઈશું. અને પછી સમુદ્ર કહે છે કે, મારી પાસે શું શું છે, મારી પાસે કેવી કેવી સંપત્તિ છે, એ સંપત્તિનું આલેખન એમણે શબ્દના અલંકરણથી કર્યું છે.

**"તાજી રે મુજ વનરાજી,**

**જ્યાં છે તાલ તમાલ,**

**જાતિ ફલ દલ કોમલ,**

**લલિત વન રસાલ"**

યશોવિજયજીને સમુદ્ર વિશે, સૃષ્ટિ વિશે જે જ્ઞાન છે, જે ન્યાયશાસ્ત્ર છે, ન્યાય વિશારદ છે, તર્ક વાદ છે, આમ તે બહુશ્રુત માણસ છે. યશોવિજયજી શ્રાવકોને જ ધર્મ ઉપદેશ આપે છે, એવું નથી

તેમણે અખા અને નરસિંહની જેમ જે સંપ્રદાયના મુનિવરો છે, એ મુનિઓના દંભ કટાક્ષો કરતી કવિતાઓ, સ્તવનો લખ્યા છે. ઘણી ખુમારીવાળા સાધુ કવિ છે.

સમુદ્ર વહાણને કહે છે કે હું આટલો મોટો છું, મારી સાથે તું સ્પર્ધા કરે છે? તું હલકું છે, હલકું બે અર્થમાં એક કે તારા ગુણ હલકા છે અને બીજું તું વહાણ વજનમાં પણ હલકું છે. એટલે વહાણ એને કહે છે કે, આવી રીતે પોતાના વખાણ કરવા એ યોગ્ય નથી. અને હવે યશોવિજયજી અહીં કહેવતોનો ઉપયોગ કરે છે, કેવા રૂપકો છે, કેવા અલંકારો છે, કેવા છંદો યોજાયા છે એ બધામાંથી આ કાવ્ય આપણને પ્રસાદરૂપે મળે છે. વહાણ કહે છે કે, આમ પોતાની જાતની પ્રસંશા ન કર,

**"મા આંગળી મોસાળનું, એ સભી વર્ણન સાચ"**

**'મોસાળ હોય અને માં પીરસનાર'** એવી જે કહેવત છે, એનો ઉપયોગ કર્યો છે. કે તું તારા ને તારા વખાણ ક્યાં સુધી કરીશ. એક અહીંયા નવી દેશીનો ઉપયોગ કર્યો છે,

**શાયર સાંભળો રે,**

**હલુઆ બિન અમે રે,, શાયર સાંભળો,**

**બહુજન ને પાર ઉતારું રે, શાયર સાંભળો"**

હું હલકુ છું પણ હું લોકોને તારુ છું, એટલા બધા માણસો મારી અંદર છે એમને હું તારી રહ્યો છું, વહાણ કહે છે કે, કદમાં મોટા હોવું એ કાંઈ મોટાઇ નથી, હીરો નાનો પણ હોઇ શકે અને ઉકરડો પણ હોય શકે.

**"અંધારું મોટું નાસે જી, જો નાનો દીપ પ્રકાશે જી,**

**આકાશ મોટો પણ કાળો જી, નાનો ચંદ્ર કરે અંજવાળું જી,**

**નાને અક્ષરે ગ્રંથ લખાય જી, તેનો અર્થ મોટો થાય જી"**

અંધારું ભલે ગમે તેટલું મોટું હોય પણ એક નાના એવા દીવડાને પ્રગટાવવાથી એને નાસી જવું પડે છે, અહીં તર્કનો ઉપયોગ કર્યો છે. આ તો તર્કચાતુર્ય છે, એટલે કદમાં નાના હોવું એ કઈ ખામી નથી.

હવે બે ત્રણ દ્રષ્ટાંતો આ પ્રમાણે છે,

સમુદ્ર એમ કહે છે કે હું તો બહુ મોટો છું, સૂર્યને હું જળ પૂરું પાડું છું, એમાંથી વાદળ બંધાય છે, એ વાદળથી વરસાદ વરસે છે, તે વરસાદથી વનસ્પતિ થાય છે, એ વનસ્પતિમાંથી જ તું બનેલો છે, એટલે તું કેટલું નાનું છે અને મારી ઉદારતાનું તું પરિણામ છે અને મારી આગળ તારી શું વિષાદ છે. આ તર્કશ્રેણી છે. હવે વહાણની પાસે કોઈ દલીલ રહી નહી એટલે કહે છે કે, તું દાનવીર નથી, સૂર્ય તારી પાસે પાણી માંગવા નહોતો આવ્યો એણે તારું જળ ખેંચી લીધું છે, જેમ રાજા ધન ખેંચીલે એમ તારું પાણી શોષી લીધું છે. અને તું આટલા બધા સફાળા જળવિસ્તારોનો ઘમંડ કરે છે, પણ અગત્સ્ય ઋષિ તને આખો પી ગયા હતા ત્યારે તું ક્યાં હતો? અને પછી એણે કહ્યું કે તરવું મારું લક્ષણ છે, પણ તારવુ એ તારો ગુણ નથી, એ તો હું મારી શક્તિથી તરું છું. જો તારી પાસે તારવાનો ગુણ હોય તો એક નાનકડા કાંકરાને તું તારી બતાવ. તારું પાણી અત્યંત ખારું છે, કશા કામમાં આવતું નથી, તારા પાણીમાં ભલે માછલા છે, પણ પંખી ક્યારેય પોતાની ચાંચ તારામાં બોળતા નથી. પછી સમુદ્ર કહે છે કે, ચંદ્ર મે ઉત્પન્ન કર્યો છે. તો વહાણ કહે છે કે, એ તારા આ દુર્ગુણથી ત્રાસી અને ઉપર આકાશમાં જઈને વસે છે. અહીંયા તર્ક જોવા મળે છે, તો આવી અનેક પ્રકારની દલીલો, પ્રતિ દલીલો જોવા મળે છે, તો આવી દલીલોથી યશોવિજયજી સમુદ્ર અને વહાણના સંવાદને રસપ્રદ બનાવે છે. એટલું જ નહીં, પણ એની પાછળ એમને જ કહેવું હતું એ આ કૃતિમાં કહી દીધું છે, એક બોધ આપી દીધો છે. જે સર્જક મોટો છે, સાધુ મોટો છે એણે હસતા હસાવતા પણ, હાસ્ય અને કટાક્ષની મદદથી પણ, રૂપક અને લયની મદદથી પણ, આખરે એને કંઈક કહેવાનું છે.

સમુદ્ર પછી વિખરે છે અને ઈશ્વરની સ્તુતિથી સમુદ્ર નમતું ઝોખવું પડે છે, આમ આખરે કાવ્ય વહાણના પક્ષે છે, કારણ કે વહાણ સમુદ્રના આટલા તોફાનની વચ્ચે પણ એના યાત્રીઓને હેમખેમ પોતાના શહેર પર લાવે છે. આમ કવિએ આ કાવ્યની પૂર્ણાહુતિ કરી છે.

એક રીતે તો આ એક નાનકડું કાવ્ય છે, **૨૮૬** કડીઓ અને નાની-નાની **૧૭** ઢાળોમાં આ કાવ્ય રચ્યું છે. દુહામાં અને અનેક પ્રકારની દેશીઓમાં એને ઢાળ્યું છે, એમાં ઝુલણા પણ છે તો આ જે વિશેષ છંદો છે. અને મુખ્યત્વે દુહા અને દેશીબદ્ધ આ કાવ્ય છે. એક વિલક્ષણ કાવ્ય છે. આ અજાણી કથા છે એમાં કવિ પોતાની બુદ્ધિ અને કલ્પના, વિદ્વતા અને સર્જકતા અને કલ્પના એ બંનેનો સંયોગ આ પ્રકારના કાવ્યમાં થયો છે. અને આ પ્રકારના કાવ્ય મુખ્ય ભૂમિકાએ નથી હોતા પણ આવા જે કાવ્ય હોય છે તે વિલક્ષણ કે વિશિષ્ટ કાવ્ય છે, તે બધી જ પરંપરાઓમાં લાક્ષણિક હોય છે. અને તેની લાક્ષણિકતાનો પરિચય થાય તો જ આવા કાવ્યો સમજાય છે.